# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

# AKSHAY TRUTIYA KHETI

આજે અક્ષત તૃતિયાના પર્વ પ્રસંગે રાજ્યભરમાં ખેડૂતોએ પૂજા વિધી કરીને ખેતી કાર્યનો પ્રારંભ કર્યો. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ પરિવાર સાથે મળીને ધરતીમાતાનું પૂજન કરીને ખેતી કાર્યનો પ્રારંભ કર્યો.

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ખેડૂતોએ આજના શુભ દિવસે ઉગમણી દિશાએ ધરતી માતા , બળદ ,ટ્રેક્ટર, હળ તેમજ ખેતીના અન્ય સાધનોની પૂજા કરીને ખેતીની શરૂઆત કરી હતી.

ડાંગ જિલ્લામાં આદિવાસીઓમાં અખાત્રીજનું અનોખું મહત્વ છે. ખાસ કરીને ખેડૂતો વસંત ગૌરીનું ગૌરાઈનું પૂજન કરે છે. જે દિવસથી ગૌરાઈ વાવી હોય તે દિવસથી ગૌરાઈ પાસે બેસીને ગૌરાઈના ગીતો ગવાય છે. અખાત્રીજને દિવસે ડાંગ જિલ્લામાં કામકાજ બંધ રહે છે.

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે ખેતીનાં ઓજારો તૈયાર કરી બળદના શિંગડા રંગી નવા પોષાક પહેરી ખેતરે સાગમટે હળ જોડીને જઈને ખેતીનું મુહુર્ત કર્યું હતું. ઈસરોલ પંથકના ભૂમિપુત્રોએ એક સાથે જ હળ જોડીને ગામ નાજીકના એક મોટા ખેતરમાં જઈને ખેડ કરી નવા વર્ષનું ખેતીનું મુહૂર્ત સાગમટે કર્યું હતું.

આ અંગે એક ખેડૂતે પોતાની પ્રતિક્રિયા આપી

(BYTE – FARMER, ARVALLI)

આજે પાટણ જિલ્લામાં પણ ખેડૂતો દ્વારા ખેતરોમાં જઈ ધરતી માતાનું પૂજન અર્ચન કરીને ખેતીનાં ઓજારોને કુમકુમ તિલક અને ધુપ દીવો કરી નવા વર્ષની ખેતીનો શુભારંભ કર્યો.

. . . . . . . . . . . . .

# CHARDHAM YATRA

અક્ષય  તૃતિયાના પાવન પ્રસંગે આજે ઉત્તરકાશી જિલ્લામાં શ્રદ્ધાળુઓ માટે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના કપાટ ખોલવામાં આવ્યા. આ સાથે જ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો આરંભ થયો છે. વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિ સાથે કપાટ ખોલવામાં આવ્યા. દેશભરમાંથી આવેલા શ્રદ્ધાળુઓ ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં પૂજા-અર્ચના કરવા માટે ઉત્તરકાશી જિલ્લામાં આવ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ પૂજા-અર્ચના કરી. હવે કેદારનાથ ધામના કપાટ શુક્રવારે અને બદ્રીનાથ ધામના કપાટ રવિવારે  ખોલવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

પુલ- PRAVESH ADIACHA –ભાવિક

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી . આ બેઠકમાં અમદાવાદમાં દબાણ હટાવવાની , તેમજ ઘૂસણખોર બાંગ્લાદેશી નાગરિકોને પકડવા ચાલી રહેલી કામગીરી , ઉનાળા દરમિયાન પાણીનાં આયોજન અંગે અને ટેકાના ભાવે ચાલી રહેલી ચણા અને રાયડાની ખરીદી અંગે ચર્ચા થઈ. આ ઉપરાંત બેઠકમાં આવતીકાલે પંચમહાલના ગોધરા ખાતે ઉજવવામાં આવનારા રાજ્ય ના સ્થાપના દિવસના આયોજન અંગે સમીક્ષા પણ કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# MULUBHAI BERA - FOREST

વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં રામપરા અભયારણ્યમાં  એક વાઈલ્ડ લાઈફ રેસ્ક્યું વાન અને ૧૮ ફોરેસ્ટ બાઈકને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ.

આ વાહનો થકી રામપરા અભયારણ્યમાં સિંહોના સંવર્ધનની કામગીરીમાં સરળતા સાથે વન વિભાગના કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે આંબરડી , બરડા અને ગીર સહિતના સ્થળોની જેમ રામપરા અભયારણ્યમાં પણ સફારી પાર્કની શક્યતાઓ હોવાથી રામપરા અભ્યારણનો તબક્કાવાર વિકાસ કરવા સરકાર વિચારણા કરશે. તેમણે જણાવ્યું કે મિષ્ટી પ્રોજેક્ટ હેઠળ ચેરનું વધુ અને વધુ વાવેતર થાય તે માટે  બમણાં લક્ષ્ય સાથે કામગીરી કરવાનું સરકારનું આયોજન છે.

મંત્રીશ્રીએ રામપર અભયારણ્ય ખાતે સિંહોના બ્રીડીંગ સેન્ટર અને સંવર્ધન કેન્દ્ર તથા અન્ય વન્ય જીવોના સંવર્ધન સ્થળોની મુલાકાત કરી તેનું નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# Ayushman Bharat

આયુષ્માન ભારત ડિજિટલ મિશન ( ABDM) અંતર્ગત ગુજરાતે 4 કરોડ 77 લાખથી વધુ એટલે કે 70 ટકા નાગરિકોની આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ નોંધણી કરાવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે, પ્રધાનમંત્રીના ડિજિટલ ભારત વિઝનને સાકાર કરતાં ગુજરાત આયુષ્માન ભારત ડિજિટલ મિશનમાં હેલ્થ રેકોર્ડ્સના ડિજીટલાઇઝેશનમાં અગ્રેસર રાજ્ય બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, 30 એપ્રિલે આયુષ્માન ભારત દિવસ ઉજવવામાં આવે છે આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ ( ABHA) એ એક ડિજિટલ આરોગ્ય ઓળખ છે, જેનો ઉદ્દેશ નાગરિકોના સ્વાસ્થ્ય રેકોર્ડને એકીકૃત કરીને તેને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવાનો છે. આ અંતર્ગત , નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈડી આપવામાં આવે છે, જેથી તેમનો સ્વાસ્થ્ય રેકોર્ડ ઓનલાઈન સુરક્ષિત રહે.

. . . . . . . . . . . . .

# JUNAGARH DEMOLITION

અમદાવાદ બાદ હવે જુનાગઢ શહેરના ધારાગઢ દરવાજા વિસ્તારમાં 16,000 ચોરસ મીટર વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. 100થી વધુ ગેરકાયદેસર મકાનો હટાવવામાં આવી રહ્યા છે. ડ્રોન દ્વારા ખાલી વિસ્તારનું નિરીક્ષણ કરાયા બાદ વહીવટી તંત્ર અને પોલીસ કર્મચારીઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે સવારથી ઉપરકોટ કિલ્લાની નજીકમાં આવેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. 350થી વધુ પોલીસ કર્મચારીઓ અને 50 જેટલા અધિકારીઓની હાજરીમાં આ કાર્ય ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# DANG ILLEGAL MIGRANTS

ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરનારા પરપ્રાંતિયો ઉપર કાર્યવાહી કરવામાં આવી. જિલ્લા પોલીસે નવ ટીમ દ્વારા તપાસ કરતા જિલ્લામાં 36 લોકો પરપ્રાંતી હોવાનું જાણવા મળ્યું છે. તેમનાં દસ્તાવેજોની ચકાસણીમાં જાણવા મળ્યું કે તેમાંથી કોઈ બાંગ્લાદેશી નથી. જિલ્લાના 311 ગામોમાં હજુ પણ તપાસ ચાલુ છે.

. . . . . . . . . . . . . .